# <u>સ્કૃટીની કમિટી નું આયોજન અને વિગતોનો રિપોર્ટ  તા: ૨૪/૦૨/૨૦૨૫</u>

આજરોજ એસ એસ આઈ પી સેલ દ્વારા વર્ષ ૨૦૨૫ ની સ્કૃટીની કમિટી સમક્ષ વિવિધ વિભાગ ના પ્રોજેક્ટ લઈ ને આવેલ વિધ્યાર્થીના પ્રેઝેંટેશન મહાત્મા ગાંધી હૉલ રૂમ નં ૧૧૬ માં મેઇન બિલ્ડીંગ આર સી ટી આઈ અમદાવાદ ખાતે યોજવામાં આવેલ હતા. તેમાં વિભાગના સંલગ્ન સ્કૃટીની કમિટી ના મેમ્બરો સમય સર હાજર રહ્યા હતા અને બધા વિધ્યાર્થીઓ ના પ્રેસેંટેશન જોયા પછી સવાલ પૂછી તેમનું આકલન કરેલ હતું. સૌ પ્રથમ ઈલેક્ટ્રિકલ વિભાગ ના પાંચ  ગ્રૂપ જોયા પછી જમવાનો બ્રેક રાખેલ હતો જમ્યા પછી કોમ્પ્યુટર ના પાંચ ગ્રૂપ નું આકલન થયેલ. જેમાં બહાર ના એક્સપર્ટ ખૂબ પ્રભાવિત થયેલ. શ્રી મનીષ ભાઈ શાહ એસ એસ આઈ પી સેલ માટે પ્રથમ ત્રણ વિધાર્થીના ગ્રૂપ ને પ્રોત્સાહન હેતુ માટે Medals ભેટ તરીકે લાવેલ હતા. સવારે શ્રી મનીષ ભાઈ શાહ એક્સટર્નલ એક્સપર્ટ- ૧ અને હીમાનશુ દેસાઇ    એકપર્ટ- ૨ તરીકે હાજર હતા. આ ઉપરાંત વિભાગીય એકેડેમીક એક્સપર્ટ તરીકે શ્રીમતી ફાલ્ગુની પટેલ ઈલેક્ટ્રિકલ અને અલ્પેશ ઠાકર કોમ્પ્યુટર વિભાગ તરફથી હાજર હતા  જેઓ બંને સરકારી પોલિટેકનિક આંબાવાડી થી આવેલ  હતા. વિભાગ તરફથી બોલાવેલ ઈન્ડસ્ટ્રી એક્સપર્ટ પણ હાજર હતા ફાઈનાન્સ એક્સપર્ટ તરીકે સંસ્થાના જ શ્રી ડી આર અગરવાલ સાહેબ  સમયસર સવારે ૧૦.૪૫ વાગ્યે હાજર થઈ ગયા હતા વિવિધ વીભાગીય એસ એસ આઈ પી ના કો ઓરડીનેટર દ્વારા સમયસર વિધ્યાર્થી ઓ પોતાનું પ્રેસેંટેશન આપે તેની  વ્યવસ્થા કરેલ હતી. શરૂઆતમાં મહેમાંનો નો પરિચય અને સાંજે આભાર વક્તવ્ય કોઓર્ડિનેટર શ્રી જી આર ખૂંટ એ આપેલ હતું. સમસ્ત સમય માં આચાર્યશ્રી ની ઉપસ્થિતિ હતી અને તેમના માર્ગદર્શન હેઠળ સફળતા પૂર્વક મિટિંગ પૂરી થયેલ હતી.

કો ઓર્ડિનેટર

એસ એસ આઈ પી સેલ

આર સી ટી આઈ અમદાવાદ